ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૧-૨૦૧૫, રવિવાર

તંત્રી સ્થાનેથી....

આતંકવાદ સામે અંતિમ યુદ્ધની તાકીદ

ઘર આંગણે મહાત્મા ગાંધીના સ્વદેશાગમનની શતાબ્દી પ્રસંગે ધૂમ ધડાકા પૂર્વક પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી ચાલી રહી છે. ત્યારે બરાબર એનીપૂર્વ સંધ્યાએ ફ્રાંસની રાજધાની પેરિસમાં આઈએસઆઈએસ તથા અલકાયદા પ્રેરિત આતંકવાદીઓએ 'શાર્લી હેબ્દો' કટાક્ષ પત્રિકાના તંત્રી સહિત એના કાર્ટૂનિસ્ટો અને સામયિક સાથે જોડાયેલા પત્રકારો પર ગોળીઓની રમઝટ બોલાવી દઈને આખી દુનિયાને અણધાર્યો આંચકો આપ્યો છે. ૨૦૧૧માં સામયિકના કાર્યાલય પર ફાયર બોમ્બ ફેંકાયેલો અને તંત્રીને જાનથી મારી નાખવાની ધમકી પણ સતત મળતી રહી હતી. તેમ છતાં, અભિવ્યક્તિના સ્વાતંત્ર્યના મુદ્દે આ મોતને મુઠ્ઠીમાં લઈને ફરનારા પત્રકારોએ એની દરકાર કર્યા વગર આતંકવાદ સામે અને વિશેષપણે ઈસ્લામિક આતંકવાદ સામેના કટાક્ષલેખો તથા કાર્ટૂનો પ્રકાશિત કરવાનું ચાલુ રાખ્યું હતું. હુમલો થયો એ પહેલાં થોડાક જ સમય અગાઉ આતંકવાદીઓ તરફથી ધમકી મળી હતી. છેલ્લે જે કાર્ટૂન અંગે ધમકી મળેલી તે મહંમદ પયગંબરનું હતું કે આઈએસઆઈના કર્ણધાર અલબગદાદીનું, એની સ્પષ્ટતા નથી થઈ શકી. પરંતુ બગદાદીનું કાર્ટૂન છપાયા પછી ફ્રાંસ પર હુમલો કરવાની ધમકી મળતી રહેતી હતી. આટલી બધી અસલામત સ્થિતિમાં 'શાર્લી હેબ્દો'ને પૂરતી સુરક્ષા કેમ ઉપલબ્ધ ન કરાવાઈ તે પ્રશ્ન જ છે. છેક ૨૦૦૨માં મહંમદ પયગંબરનાં કાર્ટૂનો અને ઈસ્લામની મશ્કરીના મુદ્દે દાદ માગી ત્યારે એમને નિરાશા સાંપડી હતી. પ્રગતિશીલ વિચારધારા ધરાવતી અદાલતે પ્રેસને અભિવ્યક્તિની આઝાદી હોવાની દલીલ સાથે આ સંકુચિત કટ્ટરપંથીઓને નારાજ કર્યા હતા. ત્યાંથી શરૂ થયેલા વેરની વસૂલાત છેક ૨૦૧૫માં થઈ છે. ફ્રાંસના પ્રમુખ ઓલાંદે આ કાયરતાપૂર્ણ હુમલાને દેશ ઉપરનો હુમલો ગણી દેશ આખામાં હાઈએલર્ટ જાહેર કર્યો છે અને દુનિયામાં જયાં પણ ફ્રાન્સનું દૂતાલય હોય ત્યાં ભારે સાવધાની વર્તવાના આદેશ જારી કર્યા છે. ભારત સહિત વિશ્વના તમામ દેશોએ ફ્રાંસ પ્રત્યે સહાનુભુતિ દાખવી છે. અને આતંકવાદ વિરૂધ્ધ એક થવાની ચીલાચાલુ હિમાયત કરી છે. પરંતુ આતંકવાદીઓને 'કાયર' કહીને ભાંડવાથી મીડિયા સામે સરજાયેલું જોખમ ઓછું થવાનું નથી. 'શાર્લી હેબ્દો'ના પત્રકારોના બલિદાન એ સભ્યતા અને સંસ્કૃતિ સામે વકરી રહેલા વૈશ્વિક કટ્ટરવાદનું ખૂંખાર અને કરૂણતમ ઉદાહરણ છે. રાજનેતાઓ આઠે પહોર અને બારે માસ લોખંડી રક્ષાકવચ વચ્ચે રહેતા હોઈ આતંકવાદીઓ હવે આવાં સોફ્ટ ટાર્ગેટસ તરફ વળ્યા છે. ઓસ્ટ્રેલિયાના કેફે પર થયેલ હુમલો અને પેશાવરની આર્મી સ્કુલનાં માસૂમ છાત્રોની કત્લેઆમ પછી ફ્રાંસના પ્રતિષ્ઠિત વ્યંગ-સામયિકના એડિટોરિયલ સ્ટાફનો સામૂહિક સફાયો વૈશ્વિક પરિમાણ ધરાવતા ઈસ્લામિક આતંકવાદના ઓથારની સાહેદી પૂરતી ઘટના ગણાવી જોઈએ. અમેરિકા અને યુરોપીય રાષ્ટ્રો હરહંમેશ એકમેકનાં પૂરક અને શુભેચ્છક રહ્યાં છે. એમણે હવે આ વિશ્વવ્યાપી આતંકવાદના કેન્સરને નાથવા માટે કોઈ નવો કિમિયો - નવી જ કીમોથેરાપી શોધવી પડશે. ભારત વિરૂધ્ધ આતંકવાદ ફેલાવતા પાકિસ્તાનને અમેરિકા હજી પણ એનું બગલબચ્ચું ગણી આર્થિક સહાય પૂરી પાડયા કરે છે. અફઘાનિસ્તાન, ઈરાક અને સિરિયામાં કેન્દ્રીભૂત થયેલા આતંકવાદની ગંગોત્રી પાકિસ્તાન છે, એ અમેરિકાએ વેળાસર સમજી લેવું પડશે. એ અલકાયદાના આકાને અમેરિકાની આંખોમાં ધૂળ નાખીને આશ્રય આપી ચૂક્યું છે. એ જ અલકાયદાના બે કે ત્રણ મરજીવા મહંમદ પયગંબરના અપમાનનો બદલો લેવા ધોળે દિવસે પેરિસમાં લોહીની હોળી ખેલી શકે છે. અલ-બગદાદીનું ઈસ્લામિક સ્ટેટ મૂળે તો એનું જ ફરજંદ છે અને હાફિઝ સઈદથી લઈ દાઉદ ઈબ્રાહીમ સુધી એનો જ વંશવેલો વિસ્તરેલો છે. ત્યારે વિશ્વસત્તાઓએ એમના સંકુચિત સ્વાર્થો છોડી આતંકવાદ વિરૂધ્ધ પરિણામલક્ષી જંગ છેડવાની જરૂર છે.

રોલબોલ નેશનલ ચેમ્પિયન શીપમાં ગુજરાતની ટીમ પાંચમા ક્રમે આવી

મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે યોજાયેલ રોલ બોલ નેશનલ ચેમ્પિયનશીપમાં ગુજરાતની અન્ડર-૧૧ ની ટીમે ભાગ લઈ પાંચમું સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ. આ ટીમમાં જ્યુરિક પટેલ, હસન મોહમ્મદ, વેદ પટેલ, ઈન્દ્રાસ શર્મા, અરમાનસિંહ, અરમાન ગજ્જર, યુગ ધડુકનો સમાવેશ થયો હતો. આ ટીમના કોચ ભાર્ગવ આયર અને મેનેજર કેતન ત્રિવેદી હતા. આ ટીમને એસોસિએશનના પ્રમુખ અશોકભાઈ, મંત્રી દિવ્યેશભાઈ અને સભ્ય ધર્મેશભાઈએ અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત ખાદી ઉત્સવ-૨૦૧૫ યોજાયો

ગાંધીનગર, તા. ૯

'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૫' અંતર્ગત ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, અમદાવાદ દ્વારા તા. ૨૪-૧૨-૨૦૧૪ થી ૧૩-૧-૨૦૧૫ સુધી અમદાવાદ એજ્યુકેશન સોસાયટી ગ્રાઉન્ડ, ટી.વી. ટાવરની પાછળ, બોડકદેવ, અમદાવાદ મુકામે 'વાઈબ્રન્ટ ગુજરાત ખાદી ઉત્સવ-૨૦૧૫' પ્રદર્શન સહ વેચાણ મેળાનું ભવ્ય આયોજન કરાયું છે. જેમાં ૧૬ રાજ્યોમાંથી આવેલ ખાદી ગ્રામોદ્યોગ, હસ્તકલા, માટીકામ, ચર્મોદ્યોગ, વગેરેના ૩૫૦ જેટલા સ્ટોલ્સ રાખવામાં આવેલ છે. આ પ્રદર્શનનો હેતુ ખાદીના ઉત્પાદનને પ્રોત્સાહન મળે અને ગ્રામ્ય કક્ષાએ વધુ રોજગારી મળે તેમજ યુવા વર્ગ ખાદી સ્વીકારે અને અપનાવે તે માટેનો છે.

આ પ્રદર્શનમાં નીફ્ટ, અટીરા, મગીરી તથા સ્વચ્છતા અભિયાને લગતા જીવંત નિદર્શનોનું પણ આયોજન કરાયુ છે. રજાના દિવસોએ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત તાજેતરમાં પ્રદર્શનના સ્થળે બાયર સેલર મીટ રાખવામાં આવી હતી. જેમાં દેશભરમાંથી ૭૫ જેટલા ખરીદદારો (બાયર્સ) એ ભાગ લીધો હતો અને ખાદીની અગ્રણી સંસ્થાઓએ વેચાણદારો (સેલર્સ) તરીકે ભાગ લીધો હતો. આ ખરીદદારો સાથે બીઝનેશ ટુ બીઝનેશ મીટીંગો કરવામાં આવી હતી. જેમાં ખાદીના વેચાણ તથા નિકાસને ઉત્તેજન મળે તેવો સઘન પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આ આયોજનથી ખાદી વેચાણ તથા ખાદી વસ્ત્રોની નિકાસમાં ક્રમશઃ વધારો થાય તેવી અપેક્ષાઓ રાખવામાં આવે છે. જેથી ખાદીની પ્રવૃત્તિઓને જરૂરી ઉત્તેજન તથા વેગ મળી રહેશે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખાદી ઉત્સવ સંદર્ભે તાજેતરમાં પાઠવેલ સંદેશામાં આહ્વાન કરતા જણાવેલુ છે કે દરેક ભારતીય પોતાના ઘરમાં ખાદીની એક ચીજ-વસ્તુ વસાવે જેથી ખાદીની કામગીરી સાથે જોડાયેલા ગરીબ લાભાર્થીઓના જીવનમાં ઉજાશ પથરાશે તથા ખાદીને ફેશનેબલ બનાવવાના ખાદી બોર્ડના પ્રયત્નની સફળતાને બિરદાવી, અભિનંદન પાઠવ્યા હતા.

ભૂપેન્દ્રભાઈ ચૌહાણનો વય નિવૃત્તિ સમારંભ યોજાયો

ગાંધીનગર આરટીઓ કચેરી ખાતે તાજેતરમાં વય નિવૃત્તિ લઈ રહેલા પીઆરઓ ભૂપેન્દ્રભાઈ ચૌહાણનો વિદાય સમારંભ યોજાયો હતો. આ સમારંભમાં તેમને સહ કર્મચારીઓ દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું તેમજ તેઓ દંઢાવ્ય સમૂહ લગ્ન ટ્રસ્ટના ટ્રસ્ટી હોવાથી સમાજના પ્રમુખ, મંત્રી અને હોદ્દેદારોએ પણ સન્માન કર્યું હતું. આ સમારંભમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ અને સમાજના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

શહેરની વિવિધ કોલેજોમાં અભ્યાસ કરતા યુવક-યુવતીઓ દ્વારા 'યુથ વેવ' સંસ્થા દ્વારા સેક્ટર-૬ મજૂર બજાર ખાતે વ્યસનમુક્તિ અભિયાન ચલાવવામાં આવ્યો હતો. પોસ્ટર્સ-ચિત્રો દ્વારા તમાકુ વ્યસનોથી થતી ગંભીર બીમારી વિશે ખ્યાલ આપી વ્યસનોથી દૂર રહેવા હાંકલ કરવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

આજે સે-૭માં નિઃશુલ્ક ડાયાબીટીશ ચેકઅપ-નિદાન કેમ્પ

ગાંધીનગર તા.૯

ગાંધીનગરમાં સે-૭માં આવેલ સરકારી આર્યુવેદિક દવાખાના ખાતે તા.૧૦મી જાન્યુઆરીએ સવારે ૧૦ થી ૧૨ વાગ્યા દરમ્યાન નિઃશુલ્ક ડાયાબીટીશ ચેકઅપ અને નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પનો લાભ લેવા દરેક નગરજનોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સેકટર-૭માં 'ચ' ટાઈપમાં બ્લોક નં.૨૧૬માં આર્યુવેદિક દવાખાનું આવેલું છે.

આજે પ્રાંતિજમાં દ્દી બી.જે.પટેલ વિજય પદ્મ વકતૃત્વ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પી.જે.સોલંકી સેવા ટ્રસ્ટ દ્વારા તા.૧૦મી જાન્યુઆરી શનિવારે દ્દી બી.જે.પટેલ વિજય પદ્મ વકતૃત્વ સ્પર્ધા સંસ્થાના ટ્રસ્ટી ઝવેરભાઈ ચાવડાના પ્રમુખ સ્થાને યોજાશે. જેમાં તમામ સભ્યો, નાગરિકો અને યુવાનોને ઉપસ્થિત રહેવા આમંત્રિત કરાયાં છે.

સે-૨૧ જીમખાનામાં વિવિધ રમતોની સ્પર્ધાઓ યોજાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનરના સે-૨૧ ખાતેના સચિવાલય જીમખાના ખાતે વિવિધ રમતોની સ્પર્ધાઓ યોજાનાર છે. આ રમત સ્પર્ધાઓ જાન્યુઆરીથી માર્ચ માસ દરમિયાન યોજાશે. જેમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન તા. ૮મીથી તા. ૨૩મી જાન્યુઆરી દરમિયાન સોમવાર સિવાયના દિવસોએ સવારે ૮ થી ૧૧ અને સાંજે ૫ થી ૮ વાગ્યા દરમિયાન યોજાશે. જીમખાનાના તમામ સભ્યોને આ સ્પર્ધામાં ભાગ લેવા અનુરોધ કરાયો છે.

પીંપળજ ગામે શ્રીમદ્ ભાગવત કથા સપ્તાહનું આયોજન

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર તાલુકાના પીંપળજ ગામે ગ્રામજનો તથા મહિલા મંડળ દ્વારા તા. ૧૬થી તા. ૨૦મી જાન્યુઆરી દરમ્યાન કથાકાર કન્હૈયાલાલજી મહારાજની વ્યાસપીઠે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભાગવત કથા શાસ્ત્ર, સંગીત અને સાહિત્યના ત્રિવેણી સંગમ સાથે સંગીતમય રીતે યોજાશે. આ ભાગવત કથા પીંપળજ ગામે આવેલ અંબાજી માતાજીના મંદિરે યોજાશે અને તેનો સમય દરરોજ બપોરે ૧ થી ૨ વાગ્યાનો રહેશે.

આ કથા સપ્તાહમાં સંતો ઉપરાંત સાહિત્યકારો અને કલાકારો ઉપસ્થિત રહેશે. આ કથા સપ્તાહનો લાભ લેવા તમામ ધાર્મિક ભક્તોને નિમંત્રણ આપવામાં આવ્યું છે.

હરિની દૃષ્ટિ...

હવે, પરચૂરણ માંગ્યે હવે કામ નહીં ચાલે... સરકારની જેમ નવી રીત અપનાવવી પડશે...!!

રવિવારે કલોલમાં છોત્તેર ગોળ દરજી કેળવણી મંડળનું વાર્ષિક અધિવેશન યોજાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર તાલુકાના પેથાપુર ગામના છોત્તેર ગોળ દરજી કેળવણી મંડળનું બીજા વર્ષનું વાર્ષિક અધિવેશન તા. ૧૧મી જાન્યુઆરી રવિવારે સવારે ૯.૦૦ વાગે કલોલના ખુની બંગલા પાસે આવેલ મહારાજા લેન્ડમાર્ક હોટલ ખાતે યોજવામાં આવ્યુ છે. આ અધિવેશનમાં ઈસંડના પ્રવિણભાઈ ગોવિંદભાઈ દરજી સમારંભના પ્રમુખપદે અને સોજાના ભરતભાઈ શકરચંદ દરજી મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેસે.

આ અધિવેશનમાં સ્વાગત પ્રમુખ પદે જોરણકના દશરથભાઈ છોટાલાલ દરજી અને અતિથિવિશેષ પદે દેલવાડાના જયંતિલાલ મણીલાલ દરજી ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ઈટાદરાના ગાંડાલાલ નટવરલાલ દરજી, જોરણકના રમેશભાઈ મણીલાલ દરજી, ઈસંડના મનોજભાઈ પ્રવિણભાઈદરજી અને સોજાના ચા-કોફીના દાતા રાજેન્દ્રકુમાર શંકરચંદ દરજી પણ હાજરી આપશે. આ તમામ મહેમાનો હાલ કલોલમાં વસવાટ કરી રહ્યા છે. આ અધિવેશનમાં ઉપસ્થિત રહેવા તમામ દરજી જ્ઞાતિબંધુઓને નિમંત્રણ આપવામાં આવ્યું છે.

આદર્શ નિવાસી શાળાની વિદ્યાર્થીનીઓ પ્રકૃતિ શિબિરમાં જોડાઈ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના સે-૮માં આવેલ આદર્શ નિવાસી શાળાની વિદ્યાર્થીનીઓએ વન્યજીવન તાલીમ વિભાગના સંશોધન કેન્દ્ર દ્વારા યોજાયેલ ત્રિદિવસીય પ્રકૃતિ શિબિરમાં ભાગ લીધો હતો.

શિબિરમાં વિદ્યાર્થીનીઓએ વિવિધ પક્ષીઓ નિહાળ્યાં હતા અને અનેક દુર્લભ વનસ્પતિઓ વિશે માહિતી મેળવી હતી. ઔષધિય વનસ્પતિ ઉદ્યાનમાં જુદી જુદી ઔષધિઓ અંગે માહિતી મેળવી હતી. આ શિબિરમાં સાંસ્કૃતિક કાર્યક્રમો અને કવીઝ વગેરેનું આયોજન પણ કરવામાં આવ્યું હતું તેમજ વિદ્યાર્થીનીઓને શિસ્ત અને સમુહ જીવનના પાઠ શીખવાડવામાં આવ્યા હતા. દરેક શિબિરાર્થીને પ્રમાણપત્રો અપાયા હતાં. શિબિરને સફળ બનાવવા મહેતા સાહેબ, એસ.બી. પટેલ અને નિપાબેને જહેમત ઉઠાવી હતી.

સી. એમ. હાઈસ્કૂલમાં વાલી મીટીંગ યોજાઈ

ગાંધીનગર તા.૯

ગાંધીનગરના સે-૨૩માં આવેલ સી.એમ.હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલનાં ધોરણ-૧૦ માં અભ્યાસ કરતા બાળકોના વાલીઓની એક મીટીંગ તાજેતરમાં યોજવામાં આવી હતી. આ મીટીંગમાં વાલીઓને તેમનું બાળક પરીક્ષામાં સારા ગુણ મેળવે તે માટે જરૂરી પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. તેમજ બાળક હતાશ ન થાય અને પધ્ધતિસરની મહેનત કરે તે માટે સૂચનો કરવામાં આવ્યાં હતા.

આ મીટીંગમાં વાલીઓએ પણ કેટલાક સૂચનો કર્યા હતા અને શાળા તરફથી કરવામાં આવેલા સૂચનો પ્રત્યે હકારાત્મક વલણ દર્શાવ્યું હતુ. આ વાલી મીટીંગમાં આર.આર.પટેલ, એમ.પી.વડાલિયા, દિલિપભાઈ ચૌધરી, દશરથભાઈ એન.પટેલ, એમ.આર.ખોરસ્યા, બિંદુબેન ચૌહાણ વગેરે શિક્ષિકોએ વિધાર્થીઓને પણ પરિણામલક્ષી માર્ગદર્શન પુરૂ પાડયું હતુ. આ મીટીંગમાં શાળાના આચાર્ય બી.કે.પટેલ, સુપરવાઈઝર હરિભાઈ પટેલ અને પ્રહલાદભાઈ પટેલે પણ તેમના વિચારો વ્યકત કર્યા હતા. આ મીટીંગમાં કુલ ૫૦ વિધાર્થીઓના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડુંગરી ગરાસિયા સેવા સમાજનો સ્નેહસંમેલન ફેબ્રુઆરીમાં યોજાશે

ગાંધીનગર તા.૯

શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરનો અગિયારમો વાર્ષિક સ્નેહ સંમેલન તા.૮મી ફેબ્રુઆરીના રોજ બપોરે ટાઉનહોલ ગાંધીનગરમાં યોજાશે. સમારંભમાં સહપરિવાર હાજર રહેવા ડાં.કે.એન.બામણીયાએ જણાવેલ છે. ધો-૧૦-૧૨-સ્નાતક અનુસ્નાતકની માર્કશીટ કારોબારી સભ્યોને આપવી.

તમે વોટ્સએપ પર નથી ? કવરેજ, રિચાર્જ, બેલેન્સની બોલબાલા છે આજકાલ

અદબ પલાઠી મોં પર આંગળી

ડો. સંતોષ દેવકર

શબ્દકોશનો વ્યાપ વધતો જ રહયો છે. શબ્દકોશની ત્રિજયા મોટી થતી જાય છે. રોજ નવા શબ્દો ઉમેરાતા જાય છે. આજકાલ આબાલવૃધ્ધ સૌને જીભે ચઢી ગયેલા ત્રણ શબ્દો : કવરેજ, રિચાર્જ અને બેલેન્સ. આજે એક તોફાની વિચાર આવ્યો છે. આ ત્રણ શબ્દો વિશે લખવું છે. સેલફોન માટે જરૂરી છે એટલા જ ઉપયોગી આ શબ્દો જીવન માટે પણ છે.

આજકાલ કવરેજના ખૂબ પ્રશ્નો છે. મોબાઈલમાં કવરેજ ન હોય તો

મોબાઈલ નકામો લાગે. સેલફોન ડબલુ લાગે. કવરેજ ન હોય, જે તે કંપનીનું ટાવર ન આવતું હોય, ત્યારે સેલફોન નાના બાળક માટેનું એક રમકડું બની જતું હોય છે. કવરેજ ન હોય ત્યારે જ કવરેજનું મહત્ત્વ સમજાતું હોય છે. જેમ સેલફોનમાં કવરેજનું મહત્ત્વ છે તેમ માનવજીવનમાં પણ કવરેજ અતિ મહત્ત્વનું છે. કવરેજ વગરની વ્યકિતની કિંમત કેટલી ? સમગ્ર જીવન દરમિયાન કવરેજ જ ન હોય અથવા વારંવાર કવરેજ બહાર જતી રહેતી વ્યકિતઓની કેવી વલે થાય છે? જીવન સારી રીતે જીવવા માટે, જીવનને માણવા માટે કવરેજમાં હોવું અને ટાવરનું પકડાવું અગત્યનું બને છે.

કવરેજમાં હોવું એટલે કર્તવ્યનિષ્ઠ હોવું. કવરેજમાં હોવું એટલે ફરજનિષ્ઠ હોવું. કવરેજમાં હોવું એટલે પ્રામાણિક હોવું. જયારે કવરેજ છૂટી જાય છે ત્યારે વાતચીત થઈ શકતી નથી. કવરેજ ક્ષેત્રની બહાર જતા રહીએ ત્યારે કિંમત વગરના થઈ જઈએ. હું કવરેજમાં છું એટલે કે મારા કાર્ય પ્રત્યે પ્રામાણિક છું એવો અર્થ કરી શકાય? જાણી બુઝીને કવરેજ બહાર જતાં રહેનારાઓની સંખ્યા ઓછી નથી. જીવનમાં કવરેજ જાળવી રાખવું અને નિયમિત રીતે, નિષ્ઠાપૂર્વક જતન કરવું એ સાધારણ મનુષ્ય માટે કઠિન જરૂર છે. પણ અશકય નથી. બીજા કવરેજમાં છે કે નહિ તેની ચિંતામાં પોતે કયારે કવરેજ બહાર નિકળી ગયા તેની ખબર સુધ્ધા પડતી નથી. કવરેજમાં હોવું એટલે મનુષ્યત્વમાં હોવું એવો એક અર્થ કરવામાં અતિશયોકિત નથી.

મોબઈલમાં વાત થવા માટે બન્ને બાજુએ કવરેજ હોવું જરૂરી છે. કોઈ એકાદ જણ પણ કવરેજ બહાર હોય તો વાત કરવી શકય નથી બનતી. સંબંધો બાંધવા અને ટકાવવા માટે કવરેજ જરૂરી છે. સંબંધોના બે છેડા પૈકીનો કોઈ એક છેડો કવરેજ ક્ષેત્રની બહાર જતો રહે ત્યારે સંબંધોમાં તિરાડ પડે છે અને તિરાડવાળા સંબંધોનું ભવિષ્ય લાંબુ નથી હોતું. મોબાઈલ રિચાર્જ કરવો પડે છે. મોબાઈલ હોય કે માનવી ડિસ્ચાર્જ તો થાય છે જ પરંતુ ડિસ્ચાર્જ થયા પછી રિચાર્જ થવું ખૂબ જરૂરી છે. બેટરી રિચાર્જ કરવી એ મોબાઈલનો પ્રાણ છે. ડિસ્ચાર્જ બેટરી વાળો મોબાઈલ નિષ્પ્રાણ ગણાય. ડેડબોડી થી વિશેષ એ કાંઈ નથી.

જો તમે રિચાર્જ નથી થતા તો તમે સ્થિર થઈ ગયા છો. દરેક બાબતે આજે રિચાર્જ થવું જરૂરી છે. તમે પછી ગમે તે ધંધો-વ્યવસાય કરતાં હોવ દરજી, મોચી, લુહાર, સુથાર કે પછી વકીલ, ડૉકટર, શિક્ષક, એન્જીનીયર, કે કોઈ કોર્પોરેટ ક્ષેત્રમાં ઓફિસર. દરેકને રિચાર્જની જરૂર પડે છે. જો તમે પોતે રિચાર્જ ન થાવ તો અન્યને રિચાર્જની પ્રેરણા ન આપી શકો! આજે ડેડ-મૃત અવસ્થામાં જીવવું કોને ગમે ? ખાબોચિયું બનવું કોને ગમે ? બધાને ખળખળ વહેતી નદી સમ બનવું છે. જીવંત બનવું છે. પોતાના સંપર્કમાં આવનાર અન્યને જીવતા કરવા છે. જીવંત રાખવા છે. મૂલ્ય વહેતી નદીનું છે, ખાબોચિયાંનું નહિ. ખાબોચિયું ગંધાય, તેમાં મચ્છર થાય, વાસ આવે ને સડે. નદીનું વહેતું પાણી જીવંત છે, સ્વચ્છ છે ને પવિત્ર પણ. જીવંત રહેવું, વહેતું રહેવું સૌને ગમે. કેટલાક શિક્ષકો ખાબોચિયું બની જાય છે. ત્યારે વિદ્યાર્થીઓ તેના વર્ગમાં બેસવાનું ટાળતા હોય છે. ખાબોચિયું બની ગયેલા શિક્ષકને નવી માહિતી કે નવા જ્ઞાન સાથે સ્નાન સૂતકનો સંબંધ હોતો નથી. આવા શિક્ષકો આખી પેઢી બરબાદ કરવા માટે તત્પર હોય છે. રિચાર્જ થવાની ના પાડનાર, પોતાના જ્ઞાન અને માહિતીને અપડેટ ન કરનાર શિક્ષકનો બહિષ્કાર કરવાનો અધિકાર વિદ્યાર્થીઓ પાસે છે ખરો? આવા શિક્ષકો શિક્ષણ સંસ્થા પર બોજ બનતાં હોય છે. લાચાર આચાર્ય બધુ સમજતો હોવા છતાં આ બોજ વેંઢારતો હોય છે. આવા શિક્ષકોને પૂછી શકાય કે તમે ઈ.સ.પૂર્વે કઈ સદીમાં લાયબ્રેરીમાં ગયા હતા?

દરજી પોતાના ધંધા માટે રિચાર્જ થાય છે. નવી ડિઝાઈન શીખે છે. દરેક વ્યકિત પોતાના ધંધા માટે રિચાર્જ થાય છે. ધંધા-વ્યવસાયના વિકાસ માટે તે જરૂરી પણ છે.જે રિચાર્જ ન થાય તે સડે, જે સડે તે ગંધાય. સમાજમાં ગંધાતા માણસોની કમી નથી.

મોબાઈલમાં બેલેન્સ ન હોય તો કોલ થઈ શકતો નથી. કોલ કે મેસેજ કરવા માટે બેલેન્સ જરૂરી છે. જીવનમાં બેલેન્સ ન રાખનારા ઘણાં લોકો મુશ્કેલી વહોરી લે છે. બેલેન્સ રાખવું અને બેલેન્સમાં રહેવું આ કળા જો શીખી જઈએ તો જીવન આશીર્વાદ બની શકે. અને ર''બેલેન્સ નથી''. ની નોબત ટાળી શકીએ. બેલેન્સવાળા હોવું એ સાત્વિક હોવા બરાબર છે. બેલેન્સ હોવું એટલે બુધ્ધિનિષ્ઠ હોવું, બેલેન્સવાળા હોવું એટલે સ્થિતપ્રજ્ઞ હોવું. શ્રીમદ ભગવદ્‌ગીતામાં ભગવાને સ્થિતપ્રજ્ઞતાના ગુણો વર્ણવ્યા છે. જે જીવનમાં બેલેન્સ ગુમાવે છે. તે પોતાનું હોવા પણું ગુમાવે છે. બેલેન્સ ન રાખીએ તો સાઈકલ પરથી પણ પડી જવાય. જીવનની ગાડી ડગમગી ઉઠે.

મોબાઈલમાં કવરેજ હોવું જેટલું જરૂરી છે તેટલું જ જરૂરી રિચાર્જ થવું અને એટલું જ મહત્ત્વ બેલેન્સનું છે. જીવનમાં ત્રણેય વસ્તુ અગત્યની બને છે. જીવન કરવરેજમાં હોય, રિચાર્જ થતું હોત અને પૂરતું બેલેન્સ હોય તો જ જીવન જીવવાની મઝા છે. કવરેજ, રિચાર્જ કે બેલેન્સ ત્રણેય પૈકી કોઈ એકની કમી જીવનનો આનંદ ઝૂંટવી લે છે. જીવનના આનંદને લૂંટવા માટે,

જીવન માણવા માટે અને અન્ય માટે પ્રેરણાદાયી બનવા માટે ત્રણેય ની અગત્યતાને અવગણી શકાય નહિ.

મિસરી

જીવનભર કવરેજની શોધ કરવામાં,
રિચાર્જ કરવાનું ભૂલી જવાય છે.
કેટલીય રઝળપાટ પછી જીવન માણવાની
શરૂઆત થાય છે ને ખબર પડે છે કે
બેલેન્સનો તો પતો જ નથી.

(sms- સુભાષભાઈ એમ. શાહ)